પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૧૫૫ • કુલ પાના : ૪ • તારીખ : ૨૨-૦૨-૨૦૨૩ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાત, પંજાબ, હરિયાણા, રાજસ્થાન સહિત ૭૦ સ્થળ પર દરોડા : NIA દ્વારા મોટી કાર્યવાહી

નવીદિલ્હી,

ગેંગસ્ટર ટેરર ફંડિંગ કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા પંજાબ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી, ચંદીગઢ, પંજાબ, ગુજરાત અને મધ્યપ્રદેશમાં એક સાથે દરોડા પાડવામાં આવી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આવા કુલ ૭૦ સ્થળો છે જ્યાં ફ્રેંછના દરોડા ચાલી રહ્યા છે. આ દરોડો ગેંગસ્ટર અને તેના નજીકના લોકોના ઠેકાણા પર પડયો છે.જાણકારી અનુસાર એનઆઈએના આ દરોડા તમામ રાજ્યોમાં ફેલાયેલા ગેંગસ્ટર અને તેના સિન્ડિકેટને લઈને કરવામાં આવી રહ્યા છે. અગાઉ ગયા વર્ષના અંતમાં દિલ્હી-એનસીઆર સહિત દેશના અનેક રાજ્યોમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા.




ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ, નીરજ બવાના, ટિલ્લુ તાજપુરિયા અને ગોલ્ડી બ્રાર પહેલેથી જ એનઆઈએના રડાર પર છે. એનઆઈએએ આ મામલે ઘણા ગેંગસ્ટરોની પૂછપરછ પણ કરી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં આતંકવાદ વિરોધી એજન્સી એનઆઈએએ ઉત્તર ભારત અને દિલ્હીમાં ૫૦ થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ પછી એજન્સીએ એક ગેંગસ્ટર અને વકીલની પણ ધરપકડ કરી હતી. શનિવારે, ૧૮ ફેબ્રુઆરીએ, એનઆઈએ દ્વારા પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના રાજ્ય પદાધિકારીઓના ઘરો પર દરોડા પાડવામાં આવ્યા હતા. રાજસ્થાનના જયપુર, કોટા, સવાઈ માધોપુર સહિત અનેક સ્થળોએ આ દરોડા પાડવામાં આવ્યા હતા. ધાર્મિક જૂથો વચ્ચે નફરતને પ્રોત્સાહન આપવા અને આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવાના મામલામાં એનઆઈએ દ્વારા એક પછી એક દરોડા અને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

વર્ષ ૨૦૨૨માં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એટલે કે એનઆઈએએ અનેક મોટા અભિયાન ચલાવીને સ્પેશિયલ ઓપરેશનમાં ૪૫૬ લોકોની ધરપકડ કરી છે અને ૧૦૯ ખતરનાક ગુનેગારોને સજા પણ કરી છે. આ એક વર્ષના ગાળામાં દેશના વિવિધ ભાગોમાં નોંધાયેલા કુલ ૭૩ કેસમાંથી એજન્સીને જેહાદી આતંકવાદ સાથે સંબંધિત માત્ર ૩૫ કેસ મળ્યા છે. વર્ષ ૨૦૨૧માં આ સંખ્યા ૬૧ હતી, જે આ વખતે (વર્ષ ૨૦૨૨માં) વધીને ૭૩ થઈ ગઈ છે. નોંધાયેલા કેસોની આ સંખ્યા ૨૦૨૧ ની સરખામણીમાં ૨૦૨૨ માં ૧૯.૬૭ વધુ હતી. તેનો અર્થ એ છે કે છેલ્લા ઘણા વર્ષોમાં, NIA દ્વારા એક વર્ષમાં નોંધાયેલા કેસોની આ સંખ્યા સૌથી વધારે કહી શકાય.

આ જ ક્રમમાં એનઆઈએની ટીમ કચ્છના ગાંધીધામમાં દરોડા પાડ્યા છે. કુખ્યાત લોરેન્સ બિશ્નોઈના સાથીને ત્યાં દરોડા પાડવામા આવ્યા છે. કુખ્યાત સાથી કુલવિંદરને ત્યાં દરોડા પાડ્યા છે. આપને જણાવી દઈએ કે, કુલવિંદર ગેંગસ્ટર બિશ્નોઈ સાથે જોડાયેલ હતો. અગાઉ પણ બિશ્નોઈ ગેંગને શરણ આપી ચુક્યો છે. કુલવિંદર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ સાથે જોડાયેલો છે.

આ ઉપરાંત પંજાબમાં જે અલગ અલગ ગેંગ એક્ટિવ છે, તેમના સાગરીતોને ત્યાં પણ એનઆઈએના દરોડા પડ્યા છે. એનઆઈએના દરોડાનો ઉદ્દેશ્ય એ જાણવાનો છે કે, ગેંગસ્ટરોને હથિયારની સપ્લાઈ ક્યાંથી થઈ રહી છે. જે મુખ્ય ગેંગસ્ટર સિંડિકેટ્સને ત્યાં રેડ ચાલી રહી છે, તેમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ, કાલા જઠેડી ગેંગ અને નીરજ બવાના ગેંગ સામેલ છે. ગુજરાતના ગાંધીધામમાં લોરેન્સ બિશ્નોઈના સાથી કુલવિંદરને ત્યાં દરોડા પાડ્યા છે.નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ કચ્છ ગાંધીધામના કિડાણામાં કુલવિંદર સિદ્ધુ નામના શખસની તપાસ હાથ ધરી છે. કુલવિંદર સિદ્ધુ લોરેન્સ બિશ્નોઈ સાથે લાંબા સમયથી જોડાયેલો છે. પહેલાં પણ બિશ્નોઈ ગેંગને આશરો આપવાના મામલામાં કુલવિંદરનું નામ સામે આવી ચૂક્યું છે. કુલવિંદર સિદ્ધુ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટમાં પણ જોડાયેલો છે એવું સૂત્રો જણાવી રહ્યાં છે.અગાઉની કાર્યવાહીમાં એનઆઈએએ ગેરકાનૂની પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ હેઠળ ધરપકડ કરાયેલા તમામ ગેંગસ્ટરોની પૂછપરછ કરી હતી. આ પછી ફ્રેંછના હાથમાં પાકિસ્તાન-આઈએસઆઈ અને ગેંગસ્ટરના ગઠબંધનની ઘણી માહિતી આવી છે. એના આધારે ફરી એકવાર ગુંડાઓનાં ઠેકાણાં પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.આ પહેલાં શનિવારે એનઆઈએ દ્વારા પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના રાજ્ય પદાધિકારીઓનાં ઘરો પર દરોડા પાડવામાં આવ્યા હતા. રાજસ્થાનના જયપુર, કોટા, સવાઈ માધોપુર સહિત અનેક સ્થળોએ આ દરોડા પાડવામાં આવ્યા હતા. ધાર્મિક જૂથો વચ્ચે નફરતને પ્રોત્સાહન આપવા અને આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવાના મામલામાં એનઆઈએ દ્વારા એક પછી એક દરોડા અને કાર્યવાહી કરવામાં આવી રહી છે.પંજાબનો રહેવાસી સંધુ ફરાર છે અને ૨૦૨૨માં મોહાલીમાં પંજાબ પોલીસના ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટર પર ગ્રેનેડ હુમલા સંબંધિત કેસમાં સુરક્ષા એજન્સીઓ વોન્ટેડ છે. વર્ષ ૨૦૨૨માં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અનેક મોટા અભિયાન ચલાવીને સ્પેશિયલ ઓપરેશનમાં ૪૫૬ લોકોની ધરપકડ કરી છે અને ૧૦૯ ખતરનાક ગુનેગારોને સજા પણ કરી છે.

### મોરબીમાં જુલતો પુલ તૂટવાના બનાવ

## સોગંદનામું રજૂ કરીને આપવામાં આવેલી નોટિસ વ્યાજબી નહીં હોવાનો દાવો કર્યો છે

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે મોરબીમાં જુલતો પુલ તૂટવાના બનાવને પગલે ગુજરાત સરકાર દ્વારા એસ.આઈ.ટી ની રચના કરવામાં આવી હતી આ એસઆઈટી એ પોતાનો રિપોર્ટ રજૂ કરી દીધો છે તો બીજી બાજુ ગઈકાલે ચીફ જસ્ટિસ સોનિયાબેન ગોકાણી અને સંદીપ.એન.ભટ્ટની ખંડપીઠ સમક્ષ રાય સરકાર દ્વારા મહત્વનું નિવેદન કરવામાં આવ્યું છે કે મોરબી નગરપાલિકા સુપર સીડ કરવા માટેની નોટિસ ઈસ્યુ કરી દેવામાં આવી છે .પરંતુ તેની સામે ચૂંટાયેલા પ્રતિનિધિઓએ રાજયના શહેરી વિકાસ વિભાગના સેક્રેટરી સમક્ષ સોગંદનામું રજૂ કરીને આપવામાં આવેલી નોટિસ વ્યાજબી નહીં હોવાનો દાવો કર્યો છે.

ગઈકાલે મોરબી નગરપાલિકાના ૪૦થી વધુ નગરસેવકોએ નગરપાલિકા સુપરસિડ કરવા અંગે અપાયેલી નોટિસનો આપ્યો જવાબ આપયો છે જેમા નગરસેવકોએ અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટના સેક્રેટરી સમક્ષ સોગંદનામા પર પોતાનો જવાબ રજૂ કર્યો છે.ગુજરાત મ્યુનિસિપાલિટી એકટની કલમ ૨૬૩(૧) એક હેઠળ



અપાયેલી નોટિસ વ્યાજબી નહીં હોવા નો નગરસેવકો નો દાવો કરવામા આવ્યો છે.કલમ ૨૬૩(૧) હેઠળની કાર્યવાહી માટેના ઘટકો પૂર્ણ નથી થતો. આ સમગ્ર મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમના રિપોર્ટમાં પણ સમગ્ર નગરપાલિકાની બેદરકારી હોવાનું કયાંય સામે નથી આવ્યું તેવી રજૂઆત કરવામાં આવી છે.યારે માત્ર પ્રમુખ, ઉપપ્રમુખ અને ચીફ ઓફિસરે ઓરેવા કંપની સાથે કરાર કર્યો અને જનરલ બોર્ડની મંજૂરી પણ ના લીધી ત્યારે આવા કરાર માટે તમામ નગર સેવકો જવાબદાર ઠેરવી શકાય નહીં તેવી રજૂઆત પણ કરવામાં આવી છે.સરકારે આપેલી નોટિસ એ રેકર્ડ પરની બાબતોને સમીક્ષા કર્યા વગરની અને આ નોટિસ સરકારી સત્તાનો દુપયોગ હોવાનો દાવો કરવામા આવ્યો છે. નગરસેવકો એ વૈધાનિક ચૂંટણી પ્રક્રિયા માં પ્રજાએ ચૂટેલા સભ્યો છે અને કલમ ૨૬૩ હેઠળ નગરપાલિકાને સુપર સીડ કરવાની જો કામગીરી કરવામાં આવે તો તે પ્રજાનો અવાજ દબાવવાની કોશિશ ગણાશે આવી કોશિશ લોકતાંત્રિક મૂલ્યની વિદ્ધ હોવાની પણ રજૂઆત કરવા આવી છે.

મોરબી ઝુલતા પુલના વિવાદમાં રાય સરકારે હાઈકોર્ટ સમક્ષ જવાબ રજૂ કર્યો છે અને તેમાં તેમણે કહ્યું છે કે ગુજરાત સરકાર એક હોલીસ્ટિક અને યુનિફોર્મ પોલિસી બનાવીને પુલ જેવા સ્ટ્રકચરના મુદ્દે પોલીસી નિર્ધારિત કરશે અને કોઈ દુર્ઘટના બને તો કોર્પોરેશન અને નગરપાલિકા દુર્ઘટના માટે જવાબદારી ફિકસ કરી શકશે.

ગઈકાલે ગુજરાત સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીએ હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે જે કોઈ પુલ કોર્પોરેશનની હદ હેઠળ હોય તો તેના માટે પોતાની જવાબદારી આવે છે તેમા ૧૯૯૦ નો સરકારી ઠરાવ તેમાં લાગુ પડતો નથી, કોર્પોરેશનની પોતાની આગવી પ્રક્રિયાઓ હોય છે પરંતુ હવે આ સંદર્ભે એક યુનિફોર્મ પોલિસી લાવવામાં આવી રહી છે રાય સરકાર દ્વારા આ દિશામાં અર્બન ડેવલપમેન્ટ કામ કરી રહ્યું છે હાલ રાયમાં ૩૬ માઈનોર અને મેજર પુલનુ રીપેરીંગ કામ ચાલી રહ્યું છે. આવતા દિવસોમાં રાય સરકાર દુર્ઘટના સંદર્ભે એક યુનિફોર્મ પોલિસી લાવશે. જેમાં રોડ અને બિલ્ડીંગ વિભાગની નીતિ હાલ અસ્તિત્વમાં છે યારે અર્બન ડેવલપમેન્ટ વિભાગ એક સાહની અંદર નવી નીતિ રેકોર્ડ પર મૂકશે,તેવી રજૂઆત કોર્ટમાં કરવામાં આવી હતી. હાલ રાય સરકાર પાસે પુલ જેવા સ્ટ્રકચરના સંચાલનના જવાબદારી માટેની કોઈ નક્કર નીતિ નથી તો દુર્ઘટના માટે કોણ જવાબદાર ગણાય તે જવાબદારી નક્કી કરવા માટે થઈને એક સાહની અંદર રાયનો શહેરી વિકાસ વિભાગ પોલીસી નિર્ધારિત કરશે.

## કોણ જીતશે જંગ ઉદ્ધવ કે શિંદે : ચૂંટણી પંચના નિર્ણય પર આજે સુપ્રીમમાં સુનાવણી

નવીદિલ્હી,

શિવસેનાનું નામ અને ધનુષ-બાણ છીનવાઈ ગયા બાદ ઉદ્ધવ ઠાકરે જૂથ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું છે. દેશની સર્વોચ્ચ અદાલત તેમની અરજી પર સુનાવણી કરવા તૈયાર થઈ ગઈ છે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું હતું કે આ મામલાની સુનાવણી બુધવારના રોજ એટલે કે આવતીકાલે બપોરે ૩.૩૦ વાગ્યે થશે. અરજીમાં એકનાથ શિંદે જૂથને શિવસેનાની સંપતિઓ અને બેંક ખાતાઓ પર નિયંત્રણ મેળવવાથી રોકવાની માંગણી કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટમાં ઉદ્ધવ ઠાકરે વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલો કરી હતી. તેઓએ ચૂંટણી પંચના નિર્ણય પર સ્ટે માંગ્યો છે, જેમાં એકનાથ શિંદે જૂથને શિવસેનાના નામ અને ધનુષ અને બાણ ચૂંટણી ચિન્હનો ઉપયોગ કરવાની મંજૂરી




આપવામાં આવી હતી. શિંદે જૂથે અરજીનો વિરોધ કરતા કહ્યુ હતું કે પહેલીવારમાં જ આ મામલાની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થવી જોઈએ નહીં.

ચૂંટણી પંચ દ્વારા પસાર કરાયેલા ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ના આદેશને પડકારતી અરજીનો સોમવારના રોજ મુખ્ય ન્યાયાધીશ સમક્ષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને વિનંતી કરવામાં આવી હતી કે બંધારણીય બેન્ચ સમક્ષ ચાલી રહેલી બાબતોની સાથે ૨૧ ફેબ્રુઆરીના રોજ તેની સુનાવણી કરવામાં આવે. આ અરજી ઉદ્ધવ ઠાકરેએ પોતે દાખલ કરી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેમાં ઉદ્ભવતા તમામ મુદ્દાઓની સીધી અસર બંધારણીય બેન્ચ દ્વારા વિચારવામાં આવી રહેલા મુદ્દાઓ પર પડે છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચે એ માનીને ભૂલ કરી છે કે ૧૦મી અનુસૂચી હેઠળ અયોગ્યતા સભ્યપદની સમાપ્તિ પર આધારિત નથી. બીજી દલીલ એ છે કે ચૂંટણી પંચે એવું કહીને ભૂલ કરી છે કે રાજકીય પક્ષમાં વિભાજન થયું છે. અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે વિધાનસભામાં વિભાજન અંગે માત્ર નિવેદન આપવામાં આવ્યું હતું, નહીં કે રાજકીય પક્ષ વિશે. આમ, અરજીમાં જણાવ્યા પ્રમાણે કોઈ પણ દલીલ અને પુરાવાના અભાવમાં એક રાજકીય પક્ષમાં વિભાજન થયું હતું. આ આધારે પંચનો નિર્ણય સંપૂર્ણપણે ખોટો છે.

ચૂંટણી પંચના નિર્ણય પર ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે કહ્યું હતું કે, 'હવે સુપ્રીમ કોર્ટ જ આશાનું છેલ્લું કિરણ છે. આ દેશની તમામ સંસ્થાઓએ કામ કરવાનું બંધ કરી દીધું છે. લોકશાહીની હત્યા થઈ ગઈ છે, તેથી હવે એકમાત્ર આશા સુપ્રીમ કોર્ટ છે. અમે ત્યાં જઈને ન્યાય માંગીશું.'

ભારતના મુખ્ય ન્યાયાધીશની આગેવાની હેઠળની બંધારણીય બેન્ચ આજે શિવસેનામાં વિખવાદને લગતી અરજીઓના જૂના કેસોની સુનાવણી ચાલું રાખશે.

## નીરવ મોદીના હીરા અને ઝવેરાતની હરાજી કરવામાં આવશે

મુંબઈ,

ભાગેડુ હીરાના વેપારી નીરવ મોદીની માલિકીની 'ફાયરસ્ટાર ડાયમંડ ઈન્ટરનેશનલ'ના હીરા, સોના અને પ્લેટિનમ જ્વેલરીની ૨૫ માર્ચે ઈ-ઓકશન દ્વારા હરાજી કરવામાં આવશે. લિક્વિડેટર શાંતનુ ટી.રે દ્વારા નોટીસ જાહેર કરવામાં આવી છે.

ફેબ્રુઆરી ૨૦૨૦ માં નેશનલ કંપની લો ટ્રિબ્યુનલની મુંબઈ બેંચ દ્વારા ફાયરસ્ટાર ડાયમંડ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડના લિક્વિડેટર તરીકે શાંતનુ ટી.રેને નિયુક્ત કરવામાં આવ્યા હતા. હાલ આ કંપનીનીનું સંચાલન શાંતનુ રે દ્વારા કરવામાં આવી રહ્યું છે. લિક્વિડેટર શાંતનુ રેએ આભૂષણો અને અન્ય વસ્તુઓની કિંમત નક્કી કરવા માટે જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટને જવાબદારી સોંપી છે.

નોટિસ અનુસાર, સોના, પ્લેટિનમ અને ડાયમંડ જ્વેલરીનું વેચાણ ૨૫ માર્ચે ઈ-ઓક્શન દ્વારા કરવામાં આવશે. હરાજી કરવા માટેની વસ્તુઓની અનામત કિંમત હરાજીની તારીખે જ જાહેર કરવામાં આવશે.

નીરવ મોદી ૨૦૧૮ ની શરૂઆતથી દેશમાંથી ફરાર થઈ ગયો હતો. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેની કોર્પોરેટ ઓફિસો અને ફેકટરીઝ સહીત નોંધપાત્ર સંપત્તિઓ જપ્ત કરવામાં આવી છે. નીરવ મોદી અને તેના કાકા મેહુલ ચોક્સીએ દેશની સૌથી મોટી બેંક છેતરપિંડીમાંની એકને અંજામ આપ્યો હતો. સરકારી માલિકીની પંજાબ નેશનલ બેંકના કેટલાક બેંક અધિકારીઓ સાથે મળીને નકલી લેટર્સ ઓફ અંડરટેકિંગ (LoUs) દ્વારા રૂ. ૧૪,૦૦૦ કરોડની ઉચાપત કરી હતી.

## દિલ્હી સહિત દેશના અનેક રાજ્યોમાં ગરમીનું મોજુ ફરી વળશે

નવીદિલ્હી,

દેશના મોટાભાગના વિસ્તારોમાં ગરમીની શરુઆત થઈ ગઈ છે, વાતાવરણ એટલુ ઝડપથી બદલાઈ રહ્યું છે કે, રાજસ્થાનમાં પારો ૩૭ ડિગ્રીને પાર કરી ગયો છે. જોકે, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસમાં કોંકણ, ગુજરાત અને પશ્ચિમ રાજસ્થાનમાં તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. બીજી તરફ સોમવારે સવારે દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૧૩.૧ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સિઝનના સરેરાશ તાપમાન કરતાં બે ડિગ્રી વધારે નોંધાયુ છે. ભારતીય હવામાન વિભાગે જણાવ્યું હતું કે, રવિવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સિઝનની સરેરાશ કરતાં સાત ડિગ્રી વધારે છે અને બે વર્ષમાં આ મહિના માટે સૌથી વધુ છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝન માટે સામાન્ય છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થવાની સંભાવના છે. જોકે, પંજાબ, હરિયાણા અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં આગામી થોડા દિવસો સુધી સવારે હળવું ઝાકળ અને ધુમ્મસ ચાલુ રહી શકે છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને રાજસ્થાનમાં તાપમાનમાં અસાધારણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. બીજી તરફ પશ્ચિમ બંગાળ સહિત પૂર્વોત્તર રાજ્યોમાં હળવો વરસાદ અને ઝરમર ઝરમર ઝરમર વરસાદની શક્યતા છે. હવામાન વિભાગનું કહેવું છે કે, દિલ્હીમાં તાપમાન સામાન્ય કરતા ૧૦ ડિગ્રી સેલ્સિયસ વધારે નોંધાયું છે. જેમાં ઉત્તર અરબી સમુદ્ર અને તેની આસપાસના ગુજરાતના ક્ષેત્રો પર એન્ટિ-સાયક્લોનિક સિસ્ટમના વિકાસને કારણે છેલ્લા દિવસોમાં રાજ્યમાં તાપમાનમાં અચાનક વધારો થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. બીજી તરફ, પશ્ચિમ હિમાલય, ઉત્તરપશ્ચિમ અને મધ્ય ભારતના ભાગોમાં દિવસ અને રાત્રિનું તાપમાન સામાન્ય કરતાં વધુ રહી શકે છે.

## ૨૩ ફેબ્રુઆરીથી શરૂ થશે વિધાનસભા સત્ર, પહેલી વાર સત્રના પ્રથમ દિવસે જ રજૂ કરાશે સરકારી વિધેયક

ગાંધીનગર,

આગામી ૨૩ ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર શરૂ થશે.જેમાં રાજ્યપાલના સંબોધન બાદ વિધાન સભામાં પેપર લીક બિલ રજૂ થશે. મહત્વનું છે કે ગુજરાત વિધાનસભામાં પહેલી વાર સત્રના પ્રથમ દિવસે જ સરકારી વિધેયક રજૂ કરાશે. પેપરલીક બાદ સરકાર પર માછલા ધોવાયા હતા. સરકારે ગત સપ્તાહ તમામ MLA ને બિલ અભ્યાસ માટે આપ્યુ હતુ. ગત મહિનામાં જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર લીક થયુ હતુ.જે બાદ સમગ્ર રાજ્યમાં હોબાળો મચી ગયો હતો.આ પરીક્ષામાં ૯ લાખથી પણ વધુ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા, હૈદરાબાદથી પેપર લીક થયું હતુ અને બાદમાં પોલીસે કાર્યવાહી હાથ ધરીને કેટલાંક આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જો કે પેપરલી કાંડ બાદ હવે રાજ્ય સરકાર હરકતમાં આવી છે. વિધાનસભાના બજેટ સત્રમાં આ મામલે બિલ રજૂ કરવામાં આવશે.બજેટ સત્રમાં જાહેર પરીક્ષાના પેપર ફોડવા સાથે સંકળાયેલા કોઈ પણ વ્યક્તિને એક કરોડનો દંડ અને પાંચથી દસ વર્ષ સુધીની સજાની જોગવાઈ કરવા સાથેનું બિલ રજૂ કરવામાં આવશે.

## અમદાવાદમાં મિત્રનું લગ્ન કે જુગારધામ? જુગાર રમતા ૮૯થી વધુ નબીરા ઝડપાયા

અમદાવાદ,

ગુજરાતીઓ ભારે કરી રહ્યા છે રાજકોટના લગ્ન પ્રસંગમાં ફાયરિંગ અને દારૂ ડાન્સની ઘટના સામે આવી હવે અમદાવાદમાં લગ્ન પ્રસંગમાં જુગાર રમવાની ઘટના સામે આવી છે. જેમાં ૮૯થી વધુ નબીરાઓ ઝડપાયા છે. અમદાવાદમાં લગ્ન પ્રસંગમાં ૮૯થી વધુ લોકો જુગાર રમી રહ્યા હતા. ત્યા અચાનક પોલીસે દરોડા પાડીને તમામને ઝડપી પાડ્યા છે. જુગારીઓની સાથે ૩૫થી વધુ વાહનો જેમા ૨૦થી વધુ કાર કબ્જે કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૫૦થી વધુ મોબાઈલ કબજે કર્યા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, એલિસબ્રિજ પોલીસે પ્રિતમનગરમાં આવેલા નીલકમલ ફ્લેટમાં ૮૯થી વધુ લોકો જુગાર રમી રહ્યા હતા. આ દરમિયાન સોમવારની રાતે પોલીસને બાતમી મળતા તેમણે ત્યાં દરોડા પાડ્યા હતા. આ નીલકમલ ફ્લેટમાં બે લગ્નપ્રસંગ ચાલી રહ્યા હતા અને ઉપર ફ્લેટમાં જુગાર રમાઈ રહ્યો હતો. પોલીસના દરોડામાં ૮૯થી વધુ લોકોને ઝડપી પાડવામા આવ્યા છે.આ લોકોની સાથે પોલીસે ૩૫થી વધુ વાહનો કબજે કર્યા છે જેમાં ૨૦ જેટલી કારનો સમાવેશ થયો છે. આ સાથે ૧૫૦થી વધુ મોબાઈલ પણ કબજે કરી લીધા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મીશન મંગલમ પ્રણામી
ગ્રા.સ. ભંડાર
તરફથી અભીનંદન....
મુ. સાલીયા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
એ.આર. ડામોર
તરફથી અભીનંદન....
મુ. મોરા,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

## વિશ્વની મજબૂત અર્થવ્યવસ્થા માટે ભારતનું સમર્થન જરૂરી, તે ચીનની તાનાશાહીને પણ ખતમ કરી દેશે : અમેરિકા

નવીદિલ્હી,

યુદ્ધ, મહામારી, મોંઘવારી અને ખાદ્ય તથા ઉર્જા સંકટથી વિશ્વ ત્રાહિમામ પોકારી રહ્યું છે ત્યારે આવી સ્થિતિમાં ભારતે માત્ર પોતાને મજબૂત જ નથી કર્યો પરંતુ તમામની મુશ્કેલીમાં મદદગાર બન્યો છે. અફઘાનિસ્તાનમાં જ્યારે તાલિબાનીઓ એ માનવતા માટે ખતરો ઉભો કર્યો હતો ત્યારે પણ ભારતે માનવીય મદદ માટે અનાજનો મોટો જથ્થો અફઘાનિયો માટે મોકલાવ્યો હતો. એવી જ રીતે યુક્રેન યુદ્ધમાં પણ માનવીય મદદ કરી હતી. શ્રીલંકામાં આર્થિક તંગીએ તબાહી મચાવી ત્યારે ભારત જ મદદગાર બન્યુ અને જ્યારે તુર્કી અને સીરિયામાં ભૂકંપે મહાવિનાશ સર્જ્યો ત્યારે ભારત જ માનવતાની રક્ષા માટે સૌથી આગળ રહ્યો. વૈશ્વિક આર્થિક મંદી, યુદ્ધ અને મહામારીના પડકારો છતાં ભારત વિશ્વનું ૫મું સૌથી મોટું અર્થતંત્ર બની રહ્યું. તેથી જ અમેરિકા પણ ભારતનું ચાહક બની ગયું છે. વિશ્વ બેંકથી લઈને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સુધી જ્યારે કહી દીધું કે વર્ષ ૨૦૨૩ વિશ્વ અર્થતંત્ર માટે સૌથી મહત્વપૂર્ણ સમય છે. માત્ર ભારત જ વિશ્વને ડૂબવાથી બચાવી શકે છે તેથી હવે અમેરિકાએ આ હકીકતને સ્વીકારી છે એટલું જ નહીં પરંતુ ખુલ્લા મંચથી કહ્યું છે કે, વિશ્વની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે ભારતનું સમર્થન જરૂરી છે. અમેરિકી કોંગ્રેસના વરિષ્ઠ સભ્ય ચક શૂમરે ભારતને વિશ્વની અગ્રણી શક્તિઓમાંની એક ગણાવ્યું છે. તેમણે કહ્યું છે કે, અમેરિકાને લોકશાહીને મજબૂત કરવા, ટેક્નોલોજીની પ્રગતિ અને મજબૂત વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે ભારતના સમર્થનની જરૂર છે. તેમણે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેના મજબૂત સંબંધો વિશ્વને એક નવો આયામ આપશે. અમેરિકાનું માનવું છે કે, ચીન જે રીતે દક્ષિણ ચીન સાગરથી લઈને ઈન્ડો-પેસિફિક સમુદ્ર અને તેની સરહદે આવેલા દેશોમાં તાનાશાહી બતાવી રહ્યું છે તેને ભારત તેને એક દિવસ ખતમ કરી દેશે. અમેરિકાને ચીનના વધતા સામ્રાજ્યથી વિશ્વની લોકશાહી માટે ખતરો દેખાઈ રહ્યો છે. અમેરિકાનું માનવું છે કે, ભારત વિશ્વનું સૌથી મોટું અને મજબૂત લોકતંત્ર છે. તેથી જ માનવતાના ભલા માટે ભારતનું મજબૂત હોવું જરૂરી છે અને આ માટે અમેરિકા ભારત સાથે કદમ મિલાવવા તૈયાર છે. અમેરિકાએ કહ્યું કે, ભારત અને અમેરિકા વચ્ચેના મજબૂત સંબંધો ચીનની તાનાશાહી ખતમ કરવાનો આધાર બનશે. ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાંથી ચીનની અર્થવ્યવસ્થાને પણ હરાવી શકાય છે. અમેરિકાનું ઉચ્ચ સત્તા ધરાવતું સંસદીય પ્રતિનિધિમંડળ હાલમાં ભારતની મુલાકાતે છે. અમેરિકી સાંસદ ચક શૂમર તેનું નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે સોમવારે પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી. ભારત દ્વારા આ પ્રતિનિધિ મંડળનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ તેમણે કહ્યું કે, ચીનને પછાડવા માટે ભારત અને અમેરિકાના દ્વિપક્ષીય સબંધ મહત્વપૂર્ણ સાબિત થશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# બાલાસિનોરના ઓથવાડ કપડવંજના દનાદરા ગામે વેગન બ્લાસ્ટથી મકાનોમાં તિરાડો પડી



બાલાસીનોર,
કપડવંજના દનાદરા અને બાલાસિનોર તાલુકાના ઓથવાડા ગામમા વેગન બ્લાસ્ટને કારણે આસપાસના વિસ્તારોમાં આવેલ મકાનોમાં તીરાડો પડતા લોકોની મુશ્કેલી વધી હતી. ત્યારે તીરાડોને કારણે ઘરમાં રહેતા ગ્રામજનો અને શાળામાં રહેતા બાળકોને માથે સંકટ ઘેરાયું હતું.

દનાદરા અને ઓથવાડ ગામમાં ભારે તીવ્રતાનો વેગન બ્લાસ્ટ દરરોજ કરાતા ગામ તેમજ સીમાડાના મકાનો ધ્રુજી ઉઠ્યા હતા અને કાચા મકાનોમાં તીરાડ પડી ગઇ હતી. ત્યારે આડેધડ બ્લાસ્ટ કરવાને કારણે ગ્રામજનોને રોજ ધરતીકંપનો અનુભવ કરાવાની વારી આવી હતી. રોજબરોજ થતા બ્લાસ્ટને લઈ સ્થાનિકો દ્વારા વેગન બ્લાસ્ટિંગથી નુકસાનનો કમિટી સમક્ષ દાવો કરાયો હતો. ઉપરાંત મહીસાગર નદી કાંઠે પંચમહાલ, વડોદરા મહીસાગર અને ખેડામાં પણ આ રીતે કૌભાંડ ચાલી રહ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

નડિયાદ ખાણ ખનીજ વિભાગ દ્વારા જણાવ્યું છે કે, વધુક્ષમતાવાળા બ્લાસ્ટકર્યાની જાણ થયેકાર્યવાહી કરવામાં આવશે. આ બાબતેની ફરિયાદો અમને મળતા અમોએ તપાસ કરી છે. જે પરવાનેદાર છે તે લોકો પથ્થર તોડી રહ્યા છે. અમુક ક્ષમતાથી વધુ ક્ષમતા વાળા બ્લાસ્ટના કરવા તેમને તાકીદ પણ આપવામાં આવી છે. અને આમ છતાં આવુ ધ્યાન પર આવશે તો નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# મલેકપુર ચોકડી પર આવેલ હનુમાન સર્કલ પાસે સ્પીડ બ્રેકર મુકવા સ્થાનિકો તેમજ વેપારીઓની માંગ



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ મલેકપુરના બજારમાં ચાર રસ્તા પડે છે. જેની આજુબાજુ દુકાનો તેમજ લારી ગલ્લા આવેલા છે. ત્યારે અવાર નવાર ટ્રાફિકની સમસ્યા બહુ રહે છે અને નાના મોટા અકસ્માતો પણ થયેલા છે. ગ્રામીણ બેન્ક તેમજ પેટ્રોલપંપ પણ આવેલો છે. લોકોની અવર જવર પણ વધારે રહેતી હોય છે. એક રસ્તો મોવાસા તરફ તેમજ બીજો ખાનપુર તરફ તેમજ રાજસ્થાન તરફ જતો હોય છે. મલેકપુર થી દીવડા-કડાણા હતો હોય છે અને મલેકપુર થી લુણાવાડા તરફ જતો રસ્તો હોય છે. ત્યારે ચોવીસ કલાક આ માર્ગ પર વાહન વ્યવહાર વધારે રહેતો હોય છે, માટે વેપારીઓ તેમજ સ્થાનિક ગ્રામજનોની માંગ છે. મલેકપુર ચાર રસ્તા પર સ્પીડ બ્રેકર ચારેબાજુ મૂકવામાં આવે તેવી માંગ તંત્ર દ્વારા લુણાવાડા થી મલેકપુર દીવડા કડાણા સુધીનો રસ્તો તો નવો બનાવવામાં આવ્યો છે, પણ આજદિન સુધી સ્પીડબ્રેકર મૂકવામાં આવેલ નથી, માટે અવાર નવાર મલેકપુર હનમાન સર્કલ પર નાના મોટા અકસ્માતો થાય છે, માટે કોઈ મોટી દુર્ઘટના ના થાય તે માટે તંત્ર દ્વારા સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તેવી લોકમાંગ છે.

# મહીસાગર જિલ્લાના વર્ગ-૧,૨ ના તમામ અધિકારીઓની ચિંતન શિબિર માનગઢ ખાતે યોજાઈ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
મહીસાગર જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને મહીસાગર જિલ્લાના વર્ગ-૧,૨ ના તમામ અધિકારીઓની ચિંતન શિબિર માનગઢ ધામ ખાતે યોજાઈ.

જેમાં અધિકારીઓને પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વચે બેલેન્સ થી માંડી સંતોષકારક જીવન જીવવા અંગેના વિષયોમાં વિસ્તારપૂર્વક તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દરમિયાન જિલ્લા અધિકારીઓને અધિકારી તરીકે સામાન્ય માણસનું વિચારો અને કાયદાની મર્યાદામાં રહી તેમને ધક્કા ખાવા ન પડે તે રીતે તરત જ તેમનું કાર્ય કરી આપો, કાયદો અને જી આર એ સામાન્ય માણસના જીવન ધોરણમાં સુધારો લાવવા વ્યવસ્થાના ભાગરૂપ છે નહિ કે તેમને ડરાવવા-ધમકાવવા તેવું કલેકટર મહીસાગર દ્વારા જણાવાયું હતું.

મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તમામ અધિકારીઓને તેમના માનસિક સ્વાસ્થ્ય ઉપર કામ કરી માનસિક રીતે સશક્ત બનવા જણાવાયું.

ઉપસ્થિત વિવિધ વિષયોના તજજ્ઞો દ્વારા શારીરિક, માનસિક, આરોગ્યલક્ષી, સ્વાસ્થ્ય કેવી રીતે જાળવવું તે અંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું. કાર્યક્રમના ભાગરૂપે જિલ્લાના તમામ અધિકારીઓ પગપાળા માનગઢ ધામની મુલાકાત કરી હતી.

આ ચિંતન શિબિરમાં જિલ્લા કક્ષાના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોર ભાથલા રોડ ઉપર આવેલું જુજેરા માં નો ઈતિહાસ



બાલાસીનોર,
મહીસાગર જિલ્લામાં બાલાસિનોર તાલુકામાં આવેલું ગામ ગજાપગીના મુવાડામાં વર્ષો પહેલા તળાવનું ખોદકામ ચાલતું હતું અને તળાવનું ખોદકામ કરનાર એ જમાનામાં ઓડ નામની અટક ધરાવનાર લોકો દ્વારા કરવામાં આવતું અને ગજાપગીના મુવાડામાં પણ ઓડ લોકો તળાવ ખોદવા આવ્યા હતા અને કોઈ કારણસર તળાવનું કામ ચાલતું હતું. ત્યારે ઓડ અટક ધરાવતા લોકો માંથી એક કુવાસી છોકરી અને એક માણસ મરી ગયા હતા. એવું કહેવાય છે કે, થોડા દીવસ પછી એક કુંભારણ પણ કોઈ કારણ સર મરી ગઈ હતી. એ ત્રણ જણા એ પરચો પૂર્યો અને કુવાસી છોકરી અને કુંભારણ બન્ને સુડવેલ (ચુડેલ) માતા તરીકે પુજાયા અને ઓડ લોકો માંથી એ માણસ ભુત દાદા તરીકે પુજાયા. વર્ષો વિતતા ગયા અને સુડવેલ (ચુડેલ) માતા માંથી જુજેરા તરીકે પુજાવા લાગ્યા.

જુજેરા નામ તો ગજાપગીના મુવાડા ગામના તળાવનું નામ છે. માં જુજેરા વારી સુડવેલ (ચુડેલ) માતા એ ભુવાજી લાલાભાઈ જુજેરાને એમની ભક્તિ થી ખુશ થઈ સાક્ષાત દર્શન આપી આશિર્વાદ આપ્યા છે.

# સંતરામપુરના ચુથાના મુવાડા ખાતે પ્રવિણ વિદ્યાલયમાં માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ



મલેકપુર,
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ગામ ચુથાના મુવાડા ખાતે પ્રવીણ વિદ્યાલયમાં વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણી રાજ્યના મુખ્યમંત્રી દ્વારા યુટ્યુબ ચેનલના માધ્યમથી દરેક શાળામાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સદર લાઈવ કાર્યક્રમમાં વિદ્વાનો દ્વારા ભાષાકીય માર્ગદર્શન આપી માતૃભાષાને બચાવવા આગ્રહ કર્યો હતો. આ કાર્યક્રમ નિહાળવા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો હાજર રહ્યા હતા. શાળા કક્ષાએ કાર્યક્રમનુ સુચારૂ આયોજન શાળાના શિક્ષક એચ.કે વણકરે કર્યુ હતું. એકદરે કાર્યક્રમ સફળ રહ્યો હતો. જય જય ગરવી ગુજરાત.....

# બોરૂ પ્રાથમિક શાળા ખાતે ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસની ઊજવણી કરવામાં આવી



દુનિયાભરમાં 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી ભાષા અને સંસ્કૃતિની વિવિધતાને સન્માન આપવું તથા બહુભાષાવાદને પ્રોત્સાહન આપવના મુખ્ય ઉદ્દેશ સાથે ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ પુસ્તકો અને ગ્રંથોનું પ્રદર્શન કરી શિક્ષણ સમિતિ બોરૂના કન્વીનર પુષ્પાબેન પટેલ દ્વારા બાળકોને વાંચન માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ગુજરાતી ભજન ગીત, ફટાણા, ઊર્મિગીતો, લોકગીતોની કાજલબેનની સંગીત ટીમો દ્વારા રજૂઆત કરવામાં આવી.

વિશ્વ માતૃભાષા દિવસની થીમ પર રંગોળી તથામારી ભાષા મારૂં ગૌરવ વિષય પર બાળકો અને શિક્ષકો દ્વારા નિદર્શન કરવામાં આવ્યું.

મુખ્ય શિક્ષક ગૌરાંગ જોષીએ માતૃભાષાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, બાળકને માતા તરફથી મળેલી ભાષા પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃભાષા જે ભાષામાં વિચારવાનું, લાગણીઓ અનુભવવાનું, તેમજ લાગણીઓ અને વિચારો પ્રદર્શિત કરવાનું બાળક શીખ્યું તે ભાષા એટલે માતૃભાષા. આવો, આ દિવસે આપણે સૌ ગુજરાતી બોલીએ, ગુજરાતી લખીએ અને ગુજરાતીને વિશ્વ સ્તરે ગૌરવ અપાવવા સંકલ્પબદ્ધ બનીએ.

ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ પુસ્તકો અને ગ્રંથો સાથે નિકળનાર શોભાયાત્રાનું રાજ્યકક્ષાના કાર્યક્રમનું શાળાના બાળકો અને શિક્ષકોએ વ્યુ બોર્ડ પર જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

# સંતરામપુરમાં વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે પદ્મશ્રી ડો.પ્રવીણ દરજીનું વ્યાખ્યાન યોજાયું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
તા. ૨૧/૦૨/૨૦૨૩ એટલે વિશ્વ માતૃભાષા દિવસ, જે અંતર્ગત આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, MSW-DSI કોલેજ સંતરામપુર અને ગુજરાત સાહિત્ય પરિષદના ઉપક્રમે ''મળી માતૃભાષા મને ગુજરાતી'' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆત ગુરૂવંદના અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો.અભય પરમાર મહેમાનનો આવકાર અને પ્રાસંગિક ઉદબોધનની આગવી શૈલીમાં કર્યું હતું. ત્યારબાદ ગુજરાતી વિભાગ અધ્યક્ષ ડો.શંકરભાઈ પ્રજાપતિએ વિષયની ભૂમિકા અને ડો.પ્રવીણ દરજીનો પરિચય કરાવ્યો હતો. ડો. પ્રવીણ દરજીએ ગુજરાતી ભાષાની અસ્મિતા અને સંવર્ધન વિશે પ્રેમાનંદથી માંડી અખો, દલપતરામ અને અર્વાચીન કવિઓ-લેખકોની ગુજરાતી ભાષા સાથેની નિસબદ્ધતા અને કાર્યની રસમય વાત કરી જર્મન ઈંગ્લેન્ડ અને વિશ્વની અન્ય ભાષાઓના ઉદાહરણ અને કથાઓ દ્વારા રસાળશૈલીમાં હૃદયગમ્ય ઉદબોધન કર્યું હતું. કોલેજના લગભગ ૫૦૦ વિદ્યાર્થીઓ સહિત અધ્યાપકો હાજર રહી કાર્યક્રમનો આસ્વાદ માણ્યો હતો. પ્રા. દેવરાજ નંદાએ હળવી શૈલીમાં સૌનો આભાર અભિવ્યક્ત કર્યો હતો. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સુચારૂં સંચાલન ડો.માલીની ગૌતમે કર્યું હતું. અંતમાં રાષ્ટ્રગીતના સામુહિક ગાન દ્વારા કાર્યક્રમ ઉત્સાહભેર પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# સગીરાના અપહરણના ગુન્હામાં સંતરામપુર ડોળીના આરોપીને પોકસો એકટ હેઠળ ૨૦ વર્ષની સજા ફટકારતી મહિસાગર કોર્ટ

લુણાવાડા,
મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ડોળી ગામ આરોપી અશ્વિનભાઈ બળવંતભાઈ ભુરીયાનાઓએ સને ૨૦૨૧માં સંતરામપુર તાલુકાની ૧૫ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી પટાવી ભગાડી જઈ યૌનશોષણ કરી ગુન્હો કરેલ હોય આરોપી વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પોકસો એકટ તેમજ ઈ.પી.કો. કલમ મુજબ ગુનો નોંધાયા બાદ મહીસાગરના એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂધ્ધ સદર કેસ ચાલી જતા અને સરકાર તરફે સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહય રાખી સ્પે.પોકસો જજ અને એડીશ્નલ સેશન્સ જજ મમતાબેન એમ. પટેલે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ઈ.પી.કો. કલમ તેમજ પોકસો એકટ હેઠળ આરોપી અશ્વિનભાઈ બળવંતભાઈ ભુરીયાનાઓને ૨૦ વર્ષની સખત કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો અને ભોગ બનનારને કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ તા.૨૧/૦૨/૨૦૨૩ના રોજ કર્યો.

# ITI પાવાગઢ ખાતે જિલ્લા કક્ષાનો ઔધોગિક રોજગાર ભરતીમેળો તથા સ્વરોજગાર શિબિર યોજાઈ



ગોધરા,
જિલ્લા રોજગાર વિનિમય કચેરી પંચમહાલ દ્વારા આઇ.ટી.આઇ પાવાગઢ (હાલોલ) ખાતે મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે ખાનગી એકમોમાં રોજગારી માટે જિલ્લા કક્ષાનો ઔધોગિક રોજગાર ભરતીમેળો તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં પંચમહાલ, વડોદરા, ભરૂચ, અમદાવાદ જીલ્લાના કુલ ૨૦ નોકરીદાતા દ્વારા ૮૦૦થી વધુ ટેકનીકલ તથા નોન ટેકનીકલ જગ્યાઓ માટે ૩૦૦થી વધુ ઉમેદવારોએ ઈન્ટરવ્યું પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જિલ્લા સમાજ સુરક્ષા પંચમહાલ તથા બરોડા સ્વ રોજગાર સંસ્થા ગોધરાના પ્રતિનિધિઓ દ્વારા સ્વ રોજગારલક્ષી યોજનાઓ વિશે માર્ગદર્શન તથા આઈ.ટી.આઈ હાલોલ તથા આઈ.ટી.આઈ ઘોઘંબાના આચાર્યઓ દ્વારા એપ્રેન્ટીસશીપ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા રોજગાર વિનિમય કચેરી પંચમહાલના રોજગાર અધિકારી વી.કે.ડામોર, કરિયર કાઉન્સેલર રાકેશ સેવક તથા પ્લેસમેન્ટ ઓફિસર પ્રશાંત રાણા દ્વારા અનુંબંધમ પોર્ટલ, એન.સી.એસ પોર્ટલ, રોજગાર સેવા સેતુ હેલ્પલાઈન તથા રોજગારલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મલેકપુર શ્રી મહાત્મા ગાંધી વિનય મંદિર ખાતે ધો.૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,
શ્રી ગ્રામ્ય જીવન કેળવણી મંડળ સંચાલિત શ્રી મહાત્મા ગાંધી વિનય મંદિર, મલેકપુર હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો. જેમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓના વર્ષ દરમ્યાન થયેલ અનુભવ તથા વિદ્યાર્થી ઓને શાળાના સિનિયર શિક્ષકો દ્વારા આશીર્વાદ વચન આપવામાં આવ્યા અને છેલ્લે શાળાના આચાર્ય શૈલેષકુમાર એમ. પટેલે વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષામાં ધ્યાન રાખવા જેવી બાબતો તથા બાકી રહેલ સમય પરીક્ષા માટે કેટલો કિંમતી છે. તે સમજાવી આશીર્વાદ આપ્યા. વિદ્યાર્થીઓને અલ્પાહાર આપી કલાસ મુજબ ફોટો લઈને વિદાય આપવામાં આવી.

# કોમર્સ કોલેજ ગોધરા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની શાનદાર ઉજવણી




ગોધરા,
શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ વિભાગ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ભાષાનું મહત્વ સમજાવતા કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર અરૂણસિંહ સોલંકીએ વિવિધ ગુજરાતી રચનાઓ, પંકિતઓ, કવિતા વગેરે દ્વારા ગુજરાતી ભાષાનું મહાત્મય સમજાવ્યું હતું અને ગુજરાતી હોવાનો ગૌરવ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતીમાં અંતાક્ષરી સ્પર્ધા, ગરબા અને પોતાના પ્રિય ગુજરાતી નેતા વિશે બે બોલ....એવા કાર્યક્રમો રજૂ કરી સૌ કોઈને ખુશખુશાલ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી નિશી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. આજે કોઈ મહત્વપૂર્ણ કાર્યને કારણે વ્યસ્તતા વધારે રહેશે, બિનજરૂરી ખર્ચ ટાળો.

વૃષભ : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. આજનો દિવસ તમારો દાનમાં વિતાવશો. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે.

મિથુન : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે. ઉતાવળ અને ભાવુક થઈને લીધેલા નિર્ણયો પાછળથી પસ્તાવો લાવી શકે છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

સિંહ : આજે તમારી રાશિમાં ગ્રહોના જોડાણને કારણે શુભ સંયોગો થઈ રહ્યા છે. પરિણામે વૃદ્ધ લોકોની સેવા અને શુભ કાર્યો પર પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે. તમે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે.

કન્યા : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સંબંધીઓમાં તમારી લોકપ્રિયતા વધશે.

તુલા : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે. તમે સાંજે ધાર્મિક સ્થળોએ જવાનું કાર્ય કરી શકો છો.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. રાજકીય ક્ષેત્રે અકાળે સફળતા પ્રાપ્ત થશે અને બાળકો પ્રત્યેની જવાબદારી પણ પૂર્ણ થશે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે.

ધનુ : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મેળવશે અને તેઓ પહેલાથી હળવાશ અનુભવે છે.

મકર : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. ઓફિસમાં સાથીઓ સાથે થોડો વિવાદ થઈ શકે છે. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, પૈસા અટવાઈ શકે છે.

કુંભ : આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે. સાંજે માતાની તબિયતમાં સુધારો થશે. તે સંપૂર્ણ સ્વસ્થ થવા માટે સમય લેશે.

મીન : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

# પશ્ચિમ રેલ્વેના દાહોદ, લીમખેડા સહિતના રેલ્વે સ્ટેશનોનું DRM એ નિરીક્ષણ કર્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

પશ્ચિમ રેલ્વેના રતલામ મંડળમાં સમાવિષ્ટ નાગદા ખાચરોદ, મેઘનગર, લીમખેડા તેમજ દાહોદ રેલ્વેના નિરીક્ષણ હેતુ દ્વારા ઓચિંતી મુલાકાત લઈ નિરીક્ષણ હાથ ધર્યું હતું. તેમજ મુસાફરોની સુવિધા તેમજ સુખાકારીને ધ્યાનમાં લઈ ઉપરોક્ત સ્ટેશનો ઉપર રેલ્વે અધિકારીઓ પદાધિકારીઓ તેમજ DRUCC તેમજ ZRUCCના સભ્યો સાથે ચર્ચાઓ કરી હતી. તેમજ યાત્રી સુરક્ષાને ધ્યાને લઈ કેટલીક માંગોને પૂર્ણ કરવા માટે હૈયાધારણા પણ આપવામાં આવી હતી.

પશ્ચિમ રેલ્વેના રતલામ મંડળના DRM રજનીશ કુમારે આજરોજ મંડળના નાગદા, ખાચરોદ, મેઘનગર, દાહોદ તેમજ લીમખેડાના નિરીક્ષણ માટે પોતાના સલૂન મારફતે આવી પહોંચ્યા હતા. રતલામ થી નાગદા, ખાચરોદ, મેઘનગર, લીમખેડા પહોંચેલા DRM એ લીમખેડા રેલ્વે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ યાત્રીઓની સુવિધાને ધ્યાને લઇ રેલ્વેના અધિકારીઓ જોડે ચર્ચાઓ કરી હતી. ત્યારબાદ દાહોદ આવેલા DRM રજનીશ કુમારે DRUCC તેમજ ZRUCC સહિતના યાત્રી સુવિધા સલાહકાર સમિતિના સદસ્ય તેમજ અધિકારીઓ જોડે વિસ્તૃત ચર્ચા કરી હતી. જેમાં રતલામ તરફથી આવતી મેલ એક્સપ્રેસ ટ્રેનોનું અંતિમ ઘડીએ પ્લેટફોર્મ બદલાઈ જતા મુસાફરોને હાલાકી વેઠવી પડે છે. સાથે સાથે મેમો ટ્રેનનો પ્લેટફોર્મ બદલવા, ગોદી રોડ તરફની ટીકીટ વિન્ડો તેમજ પાર્કિંગ તથા પ્લેટફોર્મ નંબર-૧ ની પાસે આવેલું પાર્કિંગ ચાલુ કરવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ કેટલીક માંગોને પૂર્ણ કરવા DRM દ્વારા હૈયાધારણા પણ આપવામાં આવી હતી. ત્યારબાદ રેલ્વે વર્કશોપ જવા નીકળેલા DRM એ પત્રકાર જોડે વાતચીતમાં જણાવ્યું હતું કે, દાહોદ-ઈન્દોર રેલ પરીયોજના ૨૦૨૫/૨૬ સુધીમાં પૂર્ણ કરી દઈશું. આ રેલમાર્ગ માટે ભૂમિ અધિગ્રહણ પણ પ્રગતિમાં છે. આવનારા સમયમાં કંઈક સારી વસ્તુ જાણવા મળશે. ઈન્દોર-દાહોદ રેલ પરીયોજનામાં ઘાટ સેક્શન તેમજ ભૂમિ અધિગ્રહણને લઈને કેટલીક મુશ્કેલીઓ આવી છે. પરંતુ તેમાં નજીકના સમયમાં ઉકેલ આવી જશે તેવી આશા બંધાઈ રહી છે, તેમજ રેલ્વેની પાર્કિંગ સુવિધા ટૂંકજ સમયમાં શરૂ કરી દેવામાં આવશે અને રતલામ તરફથી આવતી મેઈલ એક્સપ્રેસ ટ્રેનોના પ્લેટફોર્મ બદલાય છે. તે ઓપરેશનલ સિસ્ટમથી ચાલે છે. જેમાં કશું કરી શકાય તેમ નથી તેમ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રેલ્વેની મેન એન્ટ્રી થી બીજા પ્લેટફોર્મ પર જવા માટેનો ફુટઓવર બ્રિજ ૩૦૦ થી ૪૦૦ મીટર દૂર છે. અધૂરામાં પૂરું રેલ્વે દ્વારા છેલ્લી ઘડીએ ટ્રેનોના પ્લેટફોર્મ ચેન્જ કરી દેવાય છે. જેના પગલે અત્રેથી મુસાફરી કરતા દિવ્યાંગ તેમજ મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. રેલ્વે દ્વારા આ ટ્રેનોના પ્લેટફોર્મ નિયત પ્લેટફોર્મ ઉપર લઈ જવામાં આવે અથવા રેલ્વે સ્ટેશનની મેઈન એન્ટ્રીથી નજીક એક્સેલેટર સહિતના ફુટ ઓવર બ્રિજની સુવિધા ઉભી કરે જેથી મુસાફરો સુરક્ષિત તેમજ સુવિધા સાથે મુસાફરી કરી શકે તેમાં કોઈ બે મત નથી.

# દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ આયોજીત વિશ્વકર્મા ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગરબાડા ઝોનનો ભવ્ય વિજય


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજના યુવાઓ માટે દ્વિતીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તારીખ ૧૬.૦૨.૨૦૨૩ થી ૧૯.૦૨.૨૦૨૩ દરમ્યાન સિટી ગ્રાઉન્ડ દાહોદ ખાતે યોજાઇ ગયું. જેમાં દાહોદ જિલ્લાના આઠ ઝોન માંથી પંચાલ સમાજના રમતવીરોએ ભાગ લીધો હતો. સેમી ફાઈનલના અંતે દાહોદ અને ગરબાડા વચ્ચે ફાઈનલ મેચ ખૂબજ રોમાંચક રીતે યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં પ્રેક્ષકગણો મેચ નિહાળવા સિટી ગ્રાઉન્ડ દાહોદ ખાતે હાજર રહ્યા હતા. તેમજ ઓનલાઇન સ્કોર બોર્ડ પર ૭૭૪૫ લોકોએ મેચ નિહાળી અને ખુશી મેળવી અભિનંદન પાઠવ્યા હતા. ગરબાડાના ૧૧૩ના સ્કોર સામે દાહોદ ૯૯ રન મેળવતા ગરબાડા ઝોનની શાનદાર જીત થઈ હતી. વિશ્વકર્મા ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓ પૈકી બેસ્ટ બેટ્સમેન તરીકે હર્ષિલ પંચાલ સંજેલી ઝોન, બેસ્ટ બોલર અનુજ પંચાલ દાહોદ શહેર ઝોન, મેન ઓફ ધ સિરીઝ હર્ષિલ પંચાલ સંજેલી ઝોન, બેસ્ટ ફિલ્ડિંગ બ્રિજેશ પંચાલ દાહોદ શહેર ઝોનના રમતવીરો હતા.

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ અને દાતાઓ દ્વારા ટ્રોફી અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ પ્રસંગે સમાજના દાતાઓ મનોજકુમાર પંચાલ લીમડી, અનિલકુમાર રસિકલાલ પંચાલ ઝાલોદ, દિપકકુમાર ધીરજલાલ પંચાલ ગાંગરડી, ગજેન્દ્રભાઈ કચરાજી પંચાલ ગાંગરડી, બાબુલાલ શિવલાલ પંચાલ દાહોદ, વિજયભાઈ એસ પંચાલ ઝાલોદ, હિતેશકુમાર વાડીલાલ પંચાલ કદવાલ, સંદીપભાઈ પંચાલ ઝાલોદ, જયેશભાઈ બાબુલાલ પંચાલ લીમડી તેમજ મેચ દરમ્યાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને નગર પાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ દ્વારા તથા અન્ય સામાજિક આગેવાનો દ્વારા રોકડ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. પંચાલ સમાજના જ્ઞાતિ બંધુઓ તથા ક્રિકેટ રસિકો મોટી સંખ્યામાં હાજર રહી જીવંત મેચ નિહાળી હતી. દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દ્વારા મંચસ્થ મહાનુભવો અને દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટ દરમ્યાન શ્રેષ્ઠ સેવા આપવા બદલ તેમજ સફળ આયોજન કરવા બદલ ધર્મેશ પંચાલ, રમત ગમત સમિતિ હિમેન પંચાલ, પ્રચાર પ્રસાર સમિતિ કૌશિક પંચાલ યુવા સમિતિ, દિનેશભાઈ પંચાલ, દેવેન્દ્ર પંચાલ, યુવા સંગઠન દાહોદ જિલ્લો રીનાબેન પંચાલ, નીલેશ્વરીબેન પંચાલ, મહિલા સંગઠન દાહોદ જિલ્લો નરેશભાઈ જે પંચાલ રજીસ્ટ્રેશન વિભાગ વગેરે દ્વારા નિષ્ઠાપૂર્વક સેવા આપવા બદલ મંડળ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળના પ્રમુખ રાજેશકુમાર નાથાલાલ પંચાલ દ્વારા શાબ્દિક સ્વાગત પ્રવચન અને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. મંડળના મહામંત્રી સુરેશભાઈ પંચાલ દ્વારા સમગ્ર ટુર્નામેન્ટ દરમ્યાન તન..મન..અને ધનથી સહયોગી બનનાર તમામ નામી અનામી પ્રત્યક્ષ પરોક્ષ સહકાર આપનાર સૌને યાદ કરી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટના સ્ટેજ કાર્યક્રમનું સફળ સંચાલન ધર્મેશ પંચાલ અને હિમેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. સંકલન સુરેશભાઈ પંચાલ, મહામંત્રી દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ જિલ્લાના દરેક હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# ફતેપુરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના સંમેલનમાં લાભાર્થીઓને ૬ કલાક બેસાડી રાખ્યા બાદ ફુડ પેકેટ આપતાં પડાપડી



દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથક ફતેપુરા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓનું એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ૬ કલાક સુધી લાભાર્થીઓને બેસાડી રાખ્યા બાદ પણ ભોજન કે ફુડ પેકેટની વ્યવસ્થા કરવામાં ન આવતાં અને આખરે ૬ કલાક બાદ કાર્યક્રમના અંત બાદ ફુટ પેકેટોનું આયોજન કરવામાં આવતાં ભુખથી તળવળી ઉઠેલા લાભાર્થીઓમાં ફુટ પેકેટો લેવા પડાપડીના દ્રશ્યો સર્જાયાં હતાં.

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે આઈ કે દેસાઈ હાસ્કુલના પાછળના ભાગે આવેલ આઈટીઆઈના મેદાનમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણનો લાભાર્થી સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ બપોરના ૨.૦૦ વાગ્યા શરૂઆત કરવાની હતી. જેના પગલે લાભાર્થીઓને ૧૧ વાગ્યાના આઈટીઆઈ ખાતે બોલાવી લેવામાં આવ્યા હતા. સવારના ૧૧ વાગ્યાના આવેલા લાભાર્થીઓ કાર્યક્રમમાં બેઠા હતા. સમગ્ર કાર્યક્રમ લગભગ સાંજના પાંચ વાગ્યા સુધી ચાચો હતો અને પાંચ વાગ્યાથી આજુબાજુ આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. ત્યારે સવારના ૧૧ વાગ્યાથી માંડીને સાંજે ૫.૦૦ વાગ્યા સુધી આ કાર્યક્રમમાં ભુખે બેઠેલા લાભાર્થીઓ ટળવળી ઉઠ્યા હતા અને કાર્યક્રમના અંતે લાભાર્થીઓને ફુડ પેકેટો વિતરણ કરવામાં આવ્યા હતા. ત્યારે લાભાર્થીઓ ભુખે એટલા અકળાઈ ઉઠ્યા હતા કે આ ફુડ પેકેટો મેળવવા માટે રીતસરની પડાપડી કરી હતી. ત્યારે આવા કાર્યક્રમોમાં લાભાર્થીઓને ૬-૬ કલાક સુધી લાભાર્થીઓને ભુખા બેસાડી રાખવામાં આવે તે કેટલા અંશે યોગ્ય છે.

દાહોદ શહેર જિલ્લામાં દરેક વખતે સરકારી કાર્યક્રમ હોય અને તેમાં મુખ્ય અધ્યક્ષ તરીકે જે નામ હોય તે મુખ્ય અધ્યક્ષ કાયમ ખાતે એક કલાક જેવો સમય લેટ આવે છે. જેને લઈને વારંવાર દરેક કાર્યક્રમ બતાવેલ સમય કરતાં લેટ થતો હોય છે, તો શું દરેક વખતે લેટ આવવાનું કારણ શું હોય તે પણ વિચારવા જેવી બાબત છે.

## હોળી દાંડો રોપાઈ ચુકયો

# દે.બારીયા શહેર અને પંથકમાં તાપમાનમાં વધારો અને વેપારમાં ધીમે ધીમે તેજી જોવા મળી રહી છે

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં નગર પાલિકાનો બુલડોઝર રાજના કારણે દબાણ નામે નાના પથારાવાળા વેપારીઓને પાલિકા તંત્રની સરમુખત્યારશાહીથી હટાવી દેવામાં આવ્યા જેથી પથારાવાળા તથા નાના ફુટપાટચા રોજનું કમાવનારા બેરોજગાર બની ચુકયા છે. દબાણ ઝુંબેશના લુહામણા નામે શહેરના આખા બજારના વેપાર ઉપર તેની અસર વર્તાઈ હતી. તેના માટે કોણ જવાબદાર છે...?

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેર તથા પંથકમાં છેલ્લા એક સપ્તાહથી ગરમીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. બપોર સુધીમાં તો ૩૪ ડીગ્રી કરતા પણ વધારે તાપમાન નોંધાઈ રહ્યો છે. તેમજ મોડી રાત્રે ઠંડીનો ચમકારો પણ જોવા મળી રહ્યો છે. તેથી શહેર અને પંથકમાં બેવડી ઋતુનો અહેસાસ જોવા મળે છે. દિવસે ઉનાળા મુજબ દિવસ લાંબો થતો જાય છે અને શિયાળો વિદાઈ થઈ રહ્યો છે. છેલ્લા એક સપ્તાહથી સતત ગરમીનો પારો વધારો જોવા મળે છે અને શહેરના બજારમાં વેપારમાં તેજી એટલા માટે જોવા મળી રહી છે. હોળી માતાના ધ્વજ સાથે દાંડો રોપાઈ ચુકયો છે. જેથી આસપાસના પંથકના આદિવાસીઓનો હોળીનો પર્વ મુખ્ય છે. તેની ઉજવણી કરવા માટે વતન પરત આવી રહ્યા છે. જેથી શહેરના બજારોમા અચ્છી ખાસી ભીડ જોવામાં આવી રહી છે.

હોળીના પર્વને માંડ ૧૫ દિવસ જ બાકી રહ્યા છે. હોળીના પર્વની ઉજવણી પંથકમાં ધામધૂમ સાથે થાય છે. આદિવાસીઓ ગમે તેટલી દુર કામે ગયા હોય તો પણ હોળીનો પર્વ તો વતનમાં આવીને ઉજવતા હોય છે અઅને હોળી ના ઉજવયા બાદ લગ્નની સીજન ચાલે છે. તે ચોમાસું આવીને બંધ થાય છે.

# સંજેલી બજારમાં અજાણ્યા ઈસમોએ ભ્રુણના ટુકડા કરી થેલીમાં ભરી ફેંકી જતા પંથકમાં ખડભડાટ



દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ભર બજારે એક થેલીમાં ભ્રૃણના ટુકડા સાથે થેલીમાં ભરી ફેંકી જઈ અજાણ્યા ઈસમો ફરાર થઈ જતાં પંથકમાં ખળભળાટ સાથે ચક્ચાર મચી જવા પામ્યો છે. ઘટનાને પગલે સ્થાનીક પોલીસ ઘટના સ્થળે દોડી જઈ તપાસનો ધમધમાટ આરંભ કર્યો છે.

આજરોજ સવારના સમયે સંજેલી નગરમાં મેન બજારની વચ્ચો વચ્ચ કોઈ અજાણ્યા ઈસમો દ્વારા કોઈ સ્ત્રીનું પાપ છુપાવવા માટે એક થેલીમાં ભ્રૃણ જેના કટકા કરી થેલીમાં ભરી આ બજારની વચ્ચો વચ્ચ એક મેડીકલની સામે જાહેર રસ્તા પર ફેંકી જઈ નાશી ગયાં હતાં. થેલી માંથી ભ્રૃણના કટકા લોહી લુહાણ હાલતમાં જાહેર રસ્તા પર જોવા મળ્યાં હતાં. એક ક્ષણે જાહેર રસ્તા પરથી પસાર થતાં લોકોમાં આ દ્રશ્યો જોતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. સ્થાનીક લોકોનો અજાણ્યા ઈસમો તથા અજાણી સ્ત્રી પર ફીટકારની લાગણી પણ વરસાવી હતી. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં સ્થાનીક પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ભ્રૃણના લોહી લુહાણવાળા કટકા કબજે કરી નજીકના દવાખાને રવાના કરવામાં આવ્યાં હતાં. સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

# ધાનપુર તાલુકાના ધોરણ ૩ થી ૫ ના ગણિત વિષયના શિક્ષકોની યોજાઇ રહેલ તાલીમ



ધાનપુર,

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર અને ડાયટ દાહોદ પ્રેરિત ધોરણ ૩ થી ૫ ના ધાનપુર તાલુકાના જિલ્લા પંચાયત અને આશ્રમ શાળાના શિક્ષકોની ગણિત વિષયની તાલીમ તાલુકા કક્ષાએ ધાનપુર બી.આર.સી.ભવન ખાતે ૩ વર્ગમાં તથા મેડા ફ.વર્ગ પીપેરો ખાતે ૧-વર્ગમાં ધાનપુર તાલુકા બી.આર.સી. કો ઓર્ડીનેટર કુંદનસિંહ મકવાણા તથા ધાનપુર તાલુકાના લાયઝન અધિકારી ડાયટ દાહોદના આર.કે.પટેલના આયોજનપણા અને માર્ગદર્શનપણા હેઠળ તાલીમ ચાલી રહી છે. તા.૨૦ અને તા.૨૨ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૦ ફેબ્રુઆરીએ ડાયટ દાહોદના આર.કે.પટેલ અને ધાનપુર બી.આર.સી.કો ઓર્ડીનેટર કુંદનસિંહ મકવાણાએ ધાનપુર બી.આર.સી.ભવન ખાતેના તાલીમ વર્ગોની મુલાકાત લીધી હતી અને તાલીમ વિષયક મહત્વપુર્ણ માર્ગદર્શન આપ્યું હતું. પીપેરો સી.આર.સી. કો.ઓર્ડીનેટર રાજેશભાઈ બારિયાએ પણ તાલીમ અંતર્ગત સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વર્ગ-૩ માં દિનેશભાઈ ભોયેના વર્ગ સંચાલનપણા હેઠળ નવાનગર કલસ્ટરની બાટણપુરા ફળિયા વર્ગ પ્રાથમિક શાળાના શિક્ષક ચિરાગકુમાર કનૈયાલાલ પંચાલે તજજ્ઞ તરીકે તથા દિલીપભાઈ પ્રજાપતિએ તથા ગુણવંતભાઈ પંચાલે તજજ્ઞ તરીકે પ્રથમ દિવસે ગણિત વિષયમાં પરિમિતિ અને ક્ષેત્રફળ તથા અપૂર્ણાંક તથા ગુણાકાર તથા ઘડિયાળ અને સમય વિશે ખુબ જ રસપ્રદ શૈલીમાં અનોખી રીતે તાલીમ આપી હતી અને શિક્ષકોએ ઉત્સાહભેર તાલીમ વર્ગમાં તાલીમ મેળવી હતી તથા ધાનપુર તાલુકાના તમામ તજજ્ઞોએ ખુબ જ સુંદર રીતે તાલીમ આપી હતી. બીજા દિવસની તાલીમ તા.૨૨ ફેબ્રુઆરીએ યોજાશે.

# લીમખેડાના ધૂમણી ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ભ્રષ્ટાચારને લઈ ગ્રામજનો કલેકટર કચેરી ખાતે ધરણાં પર ઉતર્યા



દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાની ધૂમણી ગ્રામ પંચાયતમાં મોટાભાગે વિકાસના કામો માટેની ગ્રાન્ટમાં ગામના વિકાસમાં ભ્રષ્ટાચાર થતો હોવા અંગેની ગ્રામજનો દ્વારા અગાઉ કરવામાં આવેલી રજૂઆતના મામલે આજદિન સુધી વહીવટી તંત્ર દ્વારા તપાસ કરી યોગ્ય ન્યાય નહીં અપાવતા ધૂમણીના ગ્રામજનો આજે કલેકટર કચેરી ખાતે અચોક્કસની મુદતે ધરણાં પર ઉતર્યા હતા.

લીમખેડા તાલુકાની ધુમણી ગ્રામ પંચાયત છેલ્લા કેટલાક સમયથી ચર્ચાના એરણે રહી છે. ધુમણી ગ્રામ પંચાયતના સરપંચ ઉપર ભ્રષ્ટાચારના આક્ષેપો થયા છે. ગામમાં રસ્તાઓ, બોર મોટર, નવીન પંચાયત ઘર, શૌચાલય, આવાસો સહિત અન્ય પાયાની સુવિધાઓ વાળા સરકારી લાભોથી ગ્રામજનોને વંચિત રાખવામાં આવ્યા હોવાના આક્ષેપો થયા છે અને સ્મશાન ઘાટ તરફ જવાના ત્રણેય રસ્તાઓ એસ્ટીમેન્ટ પ્રમાણે બનાવ્યા નથી. સરપંચ પોતાની વિજય ટ્રેડર્સ અને મહાલક્ષ્મી સખી મંડળ નામની સંસ્થાના બિલ મૂકી નાણા ઉપાડતા હોવાના પણ આક્ષેપો થયા છે. આ ઉપરાંત ખોટા કામો બતાવી નાણાની ફાળવણી કરી ઉપાડી લઈ સરપંચે પોતે પૈસા પોતાના અંગત કામમાં વાપરી નાખીને નાણાકીય ગેરરીતિ કરીને પંચાયતને આર્થિક નુકસાન પહોંચાડેલ હોવાનાં આક્ષેપો સાથે ગ્રામજનો દ્વારા અગાઉ વિવિધ કચેરીઓમાં ઉચ્ચકક્ષાએ વારંવાર રજૂઆતો કરી હોવા છતાં પણ આજદિન સુધી આ બાબતે કોઈ તપાસ કરવામાં ન આવતા ધુમણીના ગ્રામજનો દ્વારા આજે દાહોદ કલેકટર કચેરીએ અચોક્કસ મુદતના ધરણા પર ઉતરી ગાંધી ચીંધ્યો માર્ગ અપનાવતા રાજકીય મોરચે ગરમાવો આવી ગયો છે.

# લીમખેડા તાલુકાની શાળાઓમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી



લીમખેડા,

૨૧ મી ફેબ્રુઆરી ને મંગળવારના રોજ રાજ્યકક્ષા એ પ્રથમ વાર વિશ્વ માતૃભાષા દિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જેનું પ્રસારણ રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં બાયસેગના માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં લીમખેડા તાલુકાની ૨૪૦ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના કુલ ૩૧૪૭૨ બાળકો તથા ૧૨૩૪ શિક્ષકોએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. લીમખેડા તાલુકાની દુધિયા પ્રાથમિક શાળા ખાતે બીઆરસી કો.ઓ.ઋષિભાઈ સલાણિયાની ઉપસ્થતિમાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના બાળકો, ૪૦ શિક્ષકો તથા સીઆરસી કો ઓ દુધિયા હિંમતભાઇ તથા લીમખેડા સીઆરસી કો ઓ કૌશિકભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સંજેલી તાલુકાના મોલી ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં થયેલી ગેરરીતીની તપાસ અંગે રજૂઆત

સંજેલી,

સંજેલી તાલુકાના મોલી ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા છેલ્લા ચાર વર્ષમાં થયેલા ATVT NRG MLA નાણાપંચ સહિત વિકાસના કામોમાં થયેલી જે રીતે તપાસ અંગે ગામના જાગૃત નાગરિક દ્વારા તાલુકા જિલ્લા અને કક્ષાએ રજૂઆત કરતા ખળભાટ મચી જવા પામ્યો હતો. સંજેલી તાલુકાના મોલી ગૃપ ગ્રામ પંચાયતમાં ઈટાડી ગસલી ડોકી પતેલા ગામોનો સમાવેશ થાય છે. ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ પ્રવીણભાઈ ડામોર દ્વારા વર્ષ ૨૦૧૯ ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન નાણાપંચ યોજના ATVT વિકાસશીલ NRG MLA ૧૫ ટકા વિવેક યોજના TSP યોજના પાણી પુરવઠા સહિતના વિવિધ યોજનાઓના વિકાસના કામોમાં ગામ દીઠ પ્રમાણે થયેલા કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાને લઈને સ્થળ નિરીક્ષણ કરી અને યોગ્ય તપાસ કરવા તેમજ પાણી પુરવઠાની યોજના હેડ પંપ, બોર વીથ મોટર, મીની એલ આઇ નળ સાથે સામૂહિક કુવા, હવાડા, સરક્ષણ દીવાલો, ચેક વોલ, માટી મેટલ, સી.સી. રસ્તા, સામુહિક સ્મશાન ગૃહ વિવિધ યોજનાના વ્યકિતગત કુવા સહિત ૧૫ માં નાણાપંચના વિકાસ લક્ષી કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાને લઈને તેમજ મૌલી ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલા વિકાસ સહિત વિવિધ કામો માત્ર કાગળ પર જ દર્શાવી અને નાણાની ઉચાપત કરવામાં આવી હોવાની આક્ષેપ સાથે ગામના જાગૃત નાગરિક બામણીયા રામસિંગભાઈ એ જિલ્લા વિકાસ અધિકારી તેમજ વિકાસ કમિશનર ગાંધીનગરને લેખિત રજૂઆત કરી વિકાસના કામોમાં થયેલી ગેરરીતિની યોગ્ય તપાસ કરી અને ગેરરીતી આચરનાર સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

# દાહોદ પ્રસારણ નગર પાસે ઘરના આંગણામાં પાર્ક કરેલ બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ પ્રસારણ નગર, જ્વાલા માતાના મંદીર પાસે એક મકાનના આંગણામાં લોક મારી પાર્ક કરેલ રૂપિયા ૧૦,૦૦૦/-ની કિંમતની ટીવીએસ સ્ટાર સીટી કંપનીની મોટર સાયકલ ચોરાયાનું જાણવા મળ્યું છે. દાહોદ શહેરના જુના ઈન્દૌર રોડ, પ્રસારણ નગરમાં ગત તા. ૧૧-૨-૨૦૨૩ના રોજ રાતના સમયે ત્રાટકેલા બાઈક ચોર ટોળકી પ્રસારણ નગરમાં આવેલ જ્વાલા માતાના મંદીર પાસે રહેતા હીરેનકુમાર રાજેશભાઈ ભાભોરની ઘરના આંગણામાં લોક મારી પાર્ક કરેલ તેના બનેવીની રૂા.૧૦,૦૦૦/-ની કિંમતની ગ્રે-રેડ કલરની વર્ષ ૨૦૧૬ના મોડલની જીજે-૨૦ એડી-૬૭૧૯ નંબરની ટીવીએસ સ્ટાર સીટી કંપનીની મોટર સાયકલ ચોરીને લઈ ગયા હતા.

આ સંબંધે પ્રસારણ નગર, જ્વાલામાતાના મંદીર પાસે રહેતા હીરેનકુમાર રાજેશભાઈ ભાભોરે નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ ટાઉન એ ડીવીઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.155

## સરકારી આવાસ યોજનાના મંજુર પત્ર વિતરણ કાર્યક્રમમાં

# ધારાસભ્ય સી.કે. રાઉલજી એ કેમ આવું કહેવું પડયું : મારે શું... અને મારું શું...

ગોધરા,

ગોધરા શહેર વાવડી બુઝર્ગ વિસ્તારમાં આવેલ મહેંદી બંગલો પાર્ટી પ્લોટ ખાતે ગોધરા તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા આયોજીત પ્રધાનમંત્રી આવાસ યોજનાના મંજુરી પત્ર વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય સી.કે.રાઉલજીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને મંજુરી પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.




ગોધરા તાલુકામાં ૧૮૭૯ જેટલા લાભાર્થીઓને આવાસ મંજુર થયા છે. તે પૈકીના ૧૧૨૪ લાભાર્થીઓને આવાસ યોજનાનો પ્રથમ હપ્તો ચુકવી દેવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૭૭૫ લાભાર્થીઓના ખાતામાં આવાસનો પ્રથમ હપ્તો ચુકવી દેવામાં આવશે. કાર્યક્રમમાં ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા ખાસ ટકોર કરવામાં આવી કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાના નાણાંનો ઉપયોગ આવાસ બનાવવામાં કરવામાં આવે જેને લઈ અન્ય લાભાર્થીઓની સહાય ન અટકે.

### આવાસ યોજનાના નાણાં ઉપાડવા બેંકમાં જાવ ત્યારે વચેટીયાથી ચેત જો તેવી ટકોર

તાલુકા કક્ષાના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને મંજુરીપત્રનો વિતરણ ધારાસભ્ય સી.કે. રાઉલજીના ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં તેઓએ લાભાર્થીઓને સંબોધન કરતા કહ્યું હતું કે, સરકારી આવાસ યોજનાના નાણાં સીધા લાભાર્થીના ખાતામાં જમા થાય છે, તે ખૂબ સારી બાબત છે. પરંતુ જ્યારે આ નાણાં લેવા માટે બેંકમાં જાવ ત્યારે ઘરના અન્ય મોટા વ્યક્તિને સાથે લઈ જવા લાભાર્થીઓને ટકોર કરી હતી અને બેંકમાં સહાયના નાણાં ઉપાડવા જાવ ત્યારે પણ વચેટિયાઓ હસે જેઓ મારૂ શું ? આવું કહેશે માટે ચેત જો તેમજ સી.કે.રાઉલજીએ જણાવ્યું કે, મારે શું ? અને મારૂ શું ? આ બન્ને વાક્યો વહીવટી તંત્રમાં ખુબ જ અગત્યના છે. ધારાસભ્ય સી.કે. રાઉલજી વધુમાં આ બાબતે જણાવ્યું કે, મારે શું ? અને મારૂ શું ? એ ફરીથી કહેવા અંગેનો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે મારે શું એટલે દરેક અધિકારી અને પદાધિકારી પોતાની ફરજ સમજી પ્રજાના કામો કરે અને મારૂ શું એટલે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર કામો કરવામાં આવે.

### ધારાસભ્ય સી.કે. રાઉલજીનો રમુજી કટાક્ષ : બાધા રાખવાથી મંત્રી પદ નથી મળતું

ગોધરા ખાતે યોજાયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના મંજુરી પત્રોના વિતરણ કાર્યક્રમમાં ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા પોતાની લાક્ષણિક હળવા અંદાજમાં રમુજ કરી કે બાધાઓ રાખવાથી મંત્રી પદ નથી મળતું. વધુમાં સ્ટેજ ઉપર બેઠેલા માજી મંત્રી નિમીષા સુથારને જણાવતા કહ્યું કે, મોદી સાહેબને રૂબરૂ મળી રાઉલજીને મંત્રી પદ લઈ જશે તેમ ન સમજતા તેવી રમુજ પણ કરી સાથે એ પણ જણાવ્યું કે, એક સરપંચ પોતાના પદ પરથી રાજીનામું ન આપે મેં મારા વિસ્તારના બે પુલ અને એક રસ્તા માટે મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય દ્વારા ગુજરાતમાં લાલ ચંદનની ખેતી માટે વન વિભાગની હાલમાં મંજુરી નથી માટે પોતે વડાપ્રધાનને મળીને ગુજરાતના ખેડુતો લાલ ચંદનની ખેતી કરી શકે તે માટે મંજુરી અપાવવા રજુઆત કરી તેમ જણાવ્યું હતું.

## ગોધરાના ધાનકાવાડ વિસ્તારમાં ચાલતી ચિકન મટનની દુકાનનો પાલિકા દ્વારા બંધ કરાવાઈ

ગોધરા,

રાજ્યના અનેક શહેરોમાં ગેરકાયદેસર ચિકન મટનની શોપ ધમધમી રહ્યા છે અને તેમાં કાયદાનું પાલન થતું નથી. જે અંગે તાજેતરમાં હાઈકોર્ટ દ્વારા ગેરકાયદેસર ધમધમી રહેલા ચિકન મટન શોપ બંધ કરાવવા વહીવટી તંત્રને કડક સૂચનાઓ આપી હતી. જે સંદર્ભમાં આજરોજ ગોધરા નગર પાલિકાની ટીમ ગોધરા શહેરના ધાનકાવાડ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મટન ચિકન શોપની દુકાન ચાલુ રાખી ધંધો કરી રહ્યા છે. જેથી ગોધરા નગર પાલિકાના ઈન્ચાર્જ સિનિયર સેનેટરી ઈન્સ્પેક્ટર રમેશભાઈ મહેતા અને



સેનેટરી ઈસ્પેક્ટર મનોજભાઈ ચૌહાણ સહિત નગર પાલિકાની ટીમ ધાનકાવાડ વિસ્તારમાં પહોંચી ગેરકાયદેસર રીતે મટન ચિકન શોપની દુકાનને બંધ કરાવી હતી. ગોધરા નગર પાલિકા દ્વારા ગેરકાયદેસર ચિકન મટનની દુકાનો બંધ કરાવવાના હાઈકોર્ટના કડક આદેશોના અમલ કરવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ગોધરા શહેરના ધાનકાવાડ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મટન ચિકન શોપની દુકાનમાં ગોધરા નગર પાલિકાની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં દુકાન ગેરકાયદેર રીતે ચલાવતા હોવાની જાણકારી મળતાં દુકાનને તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવી હતી અને દુકાનના સંચાલકને કડક સૂચનાઓ આપવામાં આવી હતી કે, જ્યાં સુધી બીજો હુકમ ના આવે ત્યાં સુધી દુકાન બંધ રાખવી અને જો નિયમનું પાલન કરવામાં નહિ આવે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવી સૂચનાઓ આપી હતી.

## ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં દેશી દારૂ એ માઝા મૂકી : સેકડો પરીવારો બરબાદ

નદીસર,

ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામોમાં દેશી દારૂના ચલને માઝા મુકી છે અને તેના સેવનના કારણે આ તરફના ગામોમાં સેકડો પરીવારો બરબાદ થઈ રહ્યા છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, ખજૂરી, રતનપુર, જુનીધરી સહિત આસપાસના ગામોમાં દેશી દારૂના દુષણના કારણે ઘણા જ પરીવારો બરબાદી તરફ છે. લોકો એટલી હદે વ્યસની બની ગયા છે કે વહેલી સવારથી થી જ દારૂ પીવા લાઈનો લાગી જાય છે, તે મોડી સાંજે પણ આ જ રીતે દારૂ પીવું ચલન ચાલુ છે. સતત દારૂના સેવનના કારણે આવા પરીવારો આર્થિક, સામાજિક, શારીરિક, માનસિક રીતે ખુવાર થઈ રહ્યા છે. એનીમિક, લીવર, ફેફસાના અનેક દર્દીઓ પણ આ વિસ્તારમાં જોવા મળી રહ્યા છે. આટલું ઓછું હોય તેમ દારૂના નશા છાટકા બનીને જાહેરમાં અપશબ્દો બોલવા ઝગડા કરવા તેમજ અપમાનજનક વર્તનના બનાવો પણ બને છે અન્ય લોકો ઝઘડા કે માથાકૂટ થવા બાબતે આવા લોકો થી દુર રહે છે, પરંતુ આ અતિગંભીર દૂષણ આ વિસ્તારમાં કાયમી ઘર કરી ગયું છે. દારૂ ગાળવાવાળાને જરૂરી અખાદ્ય ગોળ અને અન્ય ચીજો નજીકના વેપારીઓ પાસે થી જથ્થા બંધ મળી રહે છે. મળતી વિગતો પ્રમાણે કેટલાક દારૂ ગાળવાવાળા તો દારૂમાં ઝડપી નશો લાવવા માટે કેટલીક હાનિકારક ચીજો નાખતા હોવાની પણ આશંકા છે.

સ્થાનિક તંત્ર દ્વારા કોઈ અસર કારક કામગીરી થતી નથી અને સામાન્ય કાર્યવાહીમાં આવા તત્વો છૂટી જાય છે. ત્યારે સામાજીક રીતે ખાસ કરીને યુવાનોને બરબાદ થતા રોકવા આ દુષણને તાત્કાલિક અસરથી ડામવું જરૂરી છે.

## શહેરાના હાંસેલાવ પાસેથી ફોરેસ્ટ વિભાગએ પંચરવ લાકડા ભરેલ ટ્રકને પકડી પાડીને રૂપિયા પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

શહેરા,

શહેરા લુણાવાડા હાઈવે માર્ગ ઉપર આવેલ હાંસેલાવ ગામ પાસેથી ફોરેસ્ટ વિભાગ એ પંચરવ લાકડા ભરેલ ટ્રકને અટકાવી હતી. લાકડા ભરેલ ટ્રકના ચાલક પાસે જરૂરી કાગળ માંગતા નહિ મળી આવ્યા હતા. બે નંબરી લાકડા અને ટ્રક મળી અંદાજીત ૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ તપાસ હાથધરી હતી.

શહેરા તાલુકા પંથકમાં છુપી રીતે દિવસ અને રાત્રિ દરમિયાન લાકડા ભરેલ વાહનોની અવર જવર વધી જતા ફોરેસ્ટ વિભાગ આર.એફ.ઓ. રોહિત પટેલ સહિતનો સ્ટાફ લુણાવાડા તરફ જવાના માર્ગ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ઉપર આવેલ હાંસેલાવ ગામ પાસે પેટ્રોલિંગમાં હતા. ત્યારે ત્યાંથી પસાર થતી લાકડા ભરેલ ટ્રક નંબર Gj-18-U-6167 ને ઊભી રાખવા માટે હાથ કરતા ઊભી રાખી હતી. ચાલક પાસે લાકડાની હેરા ફેરી કરવા માટેના જરૂરી કાગળો માંગતા તે આપી શક્યો ના હતો. જેથી ફોરેસ્ટ વિભાગ દ્વારા બે નંબરી લાકડા ભરેલ ટ્રકને કચેરી ખાતે લાવીને તપાસ હાથધરી હતી. પંચરવ લાકડા અને ટ્રક મળી અંદાજીત ૫ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો.

ફોરેસ્ટ વિભાગ એ ટ્રકમાં રહેલ પંચરવ લાકડા ક્યાંથી ભરેલ હતા અને ક્યાં ખાલી કરવાના હતા. તે દીશામાં તપાસનો દોર શરૂ કર્યો છે. આ માર્ગ પર અને અણીયાદ તરફ તેમજ ગોધરા તરફના હાઈવે માર્ગ ઉપર આવેલ ટીબા પાટીયા પાસેથી રાત્રિ દરમિયાન બે નંબરી લાકડાની હેરા ફેરી થતી અટકાવવામાં આવે તે પણ જરૂરી છે.



પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના વતની અને જિલ્લામાં પુરવઠા શાખામાં નાયબ માલતદારની ફરજ બજાવતા અને મોરવા હડફના ધારાસભ્ય નિમિષા સુથારના પતિ મનહર સુથાર દ્વારા લેખન કરવામાં આવેલા મનોમંથન-૨ નામના પુસ્તકનું આજે ગોધરા ખાતે રાજ્યના પ્રસિદ્ધ લેખક અને કોલમિસ્ટ જય વસાવડા તેમજ સુધીર દેસાઈ દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. મનહર સુથાર દ્વારા લખવામાં આવેલા મનોમંથન-૨ નામના પુસ્તકના વિમોચન પ્રસંગે ઉપસ્થિત જય વસાવડા દ્વારા પુસ્તકમાં લખવામાં આવેલ વન લાઈનરોની પ્રશંસા કરવામાં આવી હતી. પુસ્તકમાં આલેખવામાં આવેલ સામગ્રી આજની યુવા પેઢીને ખુબ જ જરૂરી થઈ પડશે. મનહર સુથાર દ્વારા મનોમંથન-૧ તેમજ ૫ થી વધુ કાવ્ય સંગ્રહોની રચના કરવામાં આવી છે.

## ગોધરા પાલિકા દ્વારા જી-૨૦ દ્વારા સીટી વોક કાર્યક્રમ યોજયો

ગોધરા,

ગોધરા ખાતે G 20 સમિટ – ૨૦૨૩ અંતર્ગત ગોધરા નગર પાલિકા દ્વારા સિટી વોક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જોકે, G 20 સમિટની વૈશ્વિક વિભાવના ‘‘વસુધૈવ કટુમ્બકમ’’ને સ્થાનિક કક્ષાએ ચરિતાર્થ કરવાના શુભ આશય આયોજીત કાર્યક્રમમાં ગોધરા નગર પાલિકા નિષ્ફળ ગઈ હોય એવું સજીર્ત સ્થિતિ થકી જોવાયું હતું. કાર્યક્રમમાં ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી ઉપસ્થિત રહ્યા હતા. જેની બીજી બાજુ જોઈએ તો કેટલાક વોર્ડ પ્રતિનિધિઓને જાણે સમય ન મળ્યો હોય એવા દ્રશ્યો જોવાયા હતા. જેને લઈ કાર્યક્રમ જોગવાઈનો એક ભાગ બની રહ્યો હતો.

ગોધરા નગર પાલિકા દ્વારા આયોજિત આ સિટીવોકમાં પાલિકાના ૪૪ કાઉન્સિલર પૈકી માત્ર ૩ કાઉન્સિલર હાજર જોવાયા હતા. એવી જ રીતે પાલિકાના પોતાના સ્ટાફના ૧૦૦ ઉપરાંત કર્મચારીઓ પૈકી માત્ર ૧૦ કર્મચારીઓ જ ઉપસ્થિત જોવાયા હતા. શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ખુબ જ ઉમદા હેતુ સાથે આયોજિત કરવામાં આવેલા આ સિટી વોક માત્ર શાળાના બાળકો એ જ પોતાની ફરજ નિભાવી હોય એવું જણાયું હતું. સિટી વોકમાં પાલિકાના હાજર ૧૦ ઉપરાંત કર્મચારીઓ તેમજ ૩ કાઉન્સિલર સિટી વોકમાં વિદ્યાર્થીઓ સાથે ચાલવાના બદલે પોતાના વાહનોમાં પૂર્ણાહુતિ સ્થળે પહોંચ્યા હતા. જોકે, સમગ્ર સજીર્ત સ્થિતિ અંગે ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસરે પણ ગોળગોળ વાત કરી પોતાની જવાબદારી માંથી મુકત થતાં જોવાયા હતા.

## શહેરામાં જી-૨૦ સીટીવોક (મેરથોન)નું આયોજન કરાયું



શહેરા,

શહેરામાં G20 સિટીવોક (મેરેથોન) નિમિતે નગર પાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. નગરના અણીયાદ ચોકડીથી એક કિમી લાંબી મેરેથોનનું પ્રસ્થાન ચીફ ઓફિસર તેજલ મુંધવા અને ઈજનેર જીગ્નેશભાઈ શાહ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર રાઠોડની ઉપસ્થિતિમાં નગર પાલિકાના ઉપપ્રમુખ હિંમતસિંહ પગી એ લીલી ઝંડી આપી હતી.

શહેરા નગર પાલિકા દ્વારા G20 સમિટ ૨૦૨૩ નિમિતે મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે નગર પાલિકા દ્વારા અણીયાદ ચોકડી ખાતે થી નગર પાલિકાના ઉપપ્રમુખ હિંમતસિંહ પગી એ લીલી ઝંડી આપીને મેરેથોનનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ મેરેથોનમાં નગર વિસ્તારમાં આવેલ શારદા મંદિર હાઈસ્કુલ,એસ.જે.દવે હાઈસ્કુલ, જે.જી.સ્કૂલ સહિત વિવિધ શાળાઓ તેમજ કોલેજના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. આ એક કિમી લાંબી શાળાના વિદ્યાર્થીઓ સાથેની મેરેથોન નગરના વિવિધ વિસ્તારમાં થઈને પાલિકા કચેરી ખાતે સમાપ્ત થઈ હતી. આ મેરેથોનમાં નગરપાલિકાના ચીફ ઓફિસર તેજલ મુંધવા, નગરપાલિકાના ઈજનેર જીગ્નેશભાઈ શાહ, સેનેટરી ઈન્સ્પેક્ટર જીતેન્દ્રસિંહ રાઠોડ તેમજ મનુભાઈ સોલંકી સહિત વિવિધ શાળાના અને કોલેજના આચાર્ય તેમજ શિક્ષકો સહિત ૨,૦૦૦ કરતા વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

### ગોધરા કાંડના ૧૧ દોષિતોની ફાંસીની સજાને પલટાવી નાખવાના હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકાર

## ટ્રેનના ડબ્બામાં જીવતા સળગાવી દેનારાઓને ફાંસીથી ઓછી સજા ન હોય : કેન્દ્ર સરકાર

નવીદિલ્હી,

ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તે ગોધરા કાંડના ૧૧ દોષિતોને ફાંસીની સજા અપાવવાના પ્રયાસો કરશે. ટ્રાયલ કોર્ટે ગોધરાકાંડના દોષિતોને ફાંસીની સજા સંભળાવી હતી, પરંતુ ગુજરાત હાઈકોર્ટે ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટ ગોધરા કાંડના અનેક આરોપીઓની જામીન અરજી પર સુનાવણી કરી રહી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાલાની ખંડપીઠે આરોપીના જામીન પર સુનાવણી માટે ત્રણ અઠવાડિયાનો સમય આપ્યો છે. કોર્ટે બંને પક્ષોના વકીલોને આ સમયગાળા દરમિયાન આરોપીઓએ જેલમાં વિતાવેલો સમય અને તેમને થયેલી સજાની માહિતી આપતો ચાર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.



ગુજરાત સરકાર વતી કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ખંડપીઠને કહ્યું કે અમે દોષિતોને ફાંસી પર લટકાવવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કરીશું. આ રેરેસ્ટ ઓફ રેર કેસમાં મહિલાઓ અને બાળકો સહિત ૫૯ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. ટ્રેનની બોગીને બહારથી લોક કરી આગ લગાડવામાં આવી હતી. જેના કારણે ૫૯ લોકોના મોત થયા હતાં. ગોધરા કાંડમાં ટ્રાયલ કોર્ટે ૧૧ દોષિતોને ફાંસીની સજા અને ૨૦ અન્યને આજીવન કેદની સજા ફટકારી હતી. ટ્રાયલ કોર્ટના નિર્ણય સામે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જ્યાંથી હાઈકોર્ટે ૧૧ આરોપીઓની ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી હતી. ગુજરાત સરકારે ગુનેગારોને ફાંસીની સજા આપવા માટે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે.

ગોધરા કાંડના બે દોષિતોને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે. હજુ સાત વધુ જામીન અરજીઓ પેન્ડીંગ છે. અબ્દુલ રહેમાન ધંતિયા અને અબ્દુલ સત્તાર, ઈબ્રાહિમ ગદ્દીની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી છે. જેનો રાજ્ય સરકાર દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. સોલિસિટર જનરલે કહ્યું કે આરોપીની ભૂમિકા માત્ર પથ્થરબાજી પૂરતી સીમિત નથી. આરોપીઓએ બોગીને બહારથી તાળું મારીને આગ લગાવી દીધી, તો પછી પથ્થરમારો કેવી રીતે થઈ શકે! સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ગોધરા કાંડના દોષિત ફારુકને આજીવન કેદની સજા ફટકાર્યાના ૧૭ વર્ષ બાદ જામીન આપ્યા હતા.

સુપ્રીમ કોર્ટમાં ગોધરાકાંડમાં અનેક દોષિતોની જામીન અરજી પર સુનાવણી થવાની હતી. આમાંના ઘણા દોષીઓને ટ્રાયલ કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી, પરંતુ ગુજરાત હાઈકોર્ટે ફાંસીની સજાને આજીવન કેદમાં ફેરવી હતી. હવે આ દોષિતોએ સુપ્રીમ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેંચ તેમની અરજી પર સુનાવણી કરી રહી છે. બેન્ચે દોષિતોના જામીન પર સુનાવણી માટે ત્રણ અઠવાડિયા પછીનો સમય આપ્યો છે. કોર્ટે બંને પક્ષોના વકીલોને આ સમયગાળા દરમિયાન આરોપીઓએ જેલમાં વિતાવેલો સમય અને તેમને થયેલી સજાની માહિતી આપતો ચાર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ગુજરાત સરકાર વતી કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ગુનેગારોને લઈને બેન્ચને કહ્યું કે અમે ગુનેગારોને ફાંસી આપવા માટે ગંભીર પ્રયાસો કરીશું. આ રેરેસ્ટ ઓફ રેર કેસમાં મહિલાઓ અને બાળકો સહિત ૫૯ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. ટ્રેનની બોગીને બહારથી લોક કરી આગ લગાડવામાં આવી હતી.

૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ની વાત છે. ૨૬ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ અયોધ્યાથી લગભગ બે હજાર કાર સેવકો અમદાવાદ આવવા માટે સાબરમતી એક્સપ્રેસમાં સવાર થયા હતા. જ્યારે ટ્રેન ૨૭ ફેબ્રુઆરીએ ગોધરા પહોંચી ત્યારે એસ-૬ બોગીમાં પથ્થરમારો શરૂ થયો હતો. બોગીને બહારથી લોક કરી દેવામાં આવી હતી અને પછી બદમાશોએ આગ લગાવી દીધી હતી. આગની ઘટનામાં ૫૯ લોકોના મોત થયા હતા. આ મામલામાં ૧૫૦૦ લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

સાબરમતી એક્સપ્રેસમાં આગ લગાવવાની ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં ભડકો થયો હતો. બીજા દિવસે એટલે કે ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨થી ગુજરાતના વિવિધ સ્થળોએ કોમી રમખાણો ફેલાઈ ગયા. આ રમખાણોમાં ૧૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા. ગોધરા ટ્રેન સળગાવવાના કેસમાં ધરપકડ કરાયેલા લોકો સામે પ્રિવેન્શન ઓફ ટેરરિઝમ ઓર્ડિનન્સ લાગુ કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકારે ગોધરા કાંડ અને ત્યારપછીની ઘટનાઓની તપાસ માટે કમિશન ઓફ ઈક્વાયરી એક્ટ હેઠળ એક કમિશનની રચના કરી હતી. પોલીસે તમામ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) લાગુ કર્યું. પરંતુ બાદમાં ગોધરાકાંડના આરોપીઓ સામેથી પોટા હટાવી લેવામાં આવ્યો હતો.